નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



14

નગરની એક સફર



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

14

અનુવાદ : દીપ્તિ રાજુ

નગરની એક સફર

ચિત્રો :બોરિસ કૈલાશીન







સ્નોડ્રોપ, કોર્નફ્લાવર અને નજાનૂ બહાર નીકળ્યા અને એવી ગલીમાં આવ્યાં, જેની બંને બાજુ પાતળી વિલો(સેલિકસ જાતિના વૃક્ષો)ની ડાળીઓથી બનેલી વાડ હતી.
વાડની પાછળ લાલ અને લીલા રંગના છાપરાંવાળા સુંદર ઘરો દેખાતા હતા.
ઘરોની ઉપર વિશાળ સફરજન, નાસપતી અને આલુબુખારાનાં ઝાડ ઊભાં હતાં.
આ ઝાડો માત્ર બગીચામાં જ નહીં, ગલીઓમાં પણ ઉગ્યાં હતાં.
નગરમાં એટલાં બધાં ઝાડ હતાં કે તેનું નામ "ગ્રીનવિલ" (લીલું નગર) પડ્યું હતું.
નજાનૂ આશ્ચર્યથી ચારે તરફ જોવા લાગ્યો.
બધે એકદમ ચોખ્ખાઈ હતી.
દરેક બગીચામાં છોકરી-માઇટ્સ કંઈક ને કંઈક કામ કરતી દેખાતી હતી. કોઈ ઘાસ કાપતી હતી, કોઈ રસ્તાઓ પર ઝાડુ મારતી હતી, તો કોઈ લાંબા ગાલીચા ઝાટકીને તેમાંથી ધૂળ કાઢતી હતી.
આ ગાલીચા માત્ર ઘરની અંદર જ નહીં, પરંતુ ફૂટપાથ અને ગલીઓમાં પણ પાથરેલા હતા.

કેટલીક ગૃહિણીઓ તો એટલી ચિંતિત રહેતી કે રસ્તેથી પસાર થતા લોકો તેમના ગાલીચા ગંદા ન કરી દે. તેથી તેઓ વાડ પાસે ઊભી રહીને સૌને વિનંતી કરતી, "મહેરબાની કરીને ગાલીચા પર ચાલશો નહીં. અને જો ચાલવું જ હોય, તો પહેલાં તમારા પગ સારી રીતે સાફ કરી લેજો."
ઘણાં ઘરોના આગળના બગીચાના રસ્તાઓ પર પણ ગાલીચા પાથરેલા હતા અને ઘરની બહારની દીવાલો પર રંગબેરંગી ગાલીચા લટકાવેલા હતા.
ગ્રીનવિલમાં પાણીની વ્યવસ્થા નેતરની પોલી ડાંટીઓમાંથી બનેલી પાઇપો દ્વારા કરવામાં આવી હતી.
જેમ સૌ જાણે છે, નેતર અંદરથી પોલું હોય છે, તેથી તે પાણીની પાઇપ તરીકે ખૂબ ઉપયોગી બને છે.
આ પાઇપો જમીનની અંદર નહીં, પણ જમીનથી ઉપર લાકડાના થાંભલાઓ પર ગોઠવેલી હતી, જેથી તે સડી ન જાય.
છોકરી માઇટ્સ આ પાઇપોમાં ક્યાંય લીકેજ તો નથી ને, તેની નિયમિત દેખરેખ રાખતી અને તેની સારસંભાળ લેતી. તેથી આ પાઇપો લાંબા સમય સુધી સારી રહેતી.
મુખ્ય પાણીની પાઇપમાંથી દરેક ઘરમાં એક અલગ પાઇપ જતી હતી.
આ ઉપરાંત દરેક ઘરની સામે એક સુંદર ફુવારો પણ હતો.
આ ફુવારો માત્ર દેખાવમાં જ સુંદર નહોતો, પરંતુ ખૂબ ઉપયોગી પણ હતો, કારણ કે તેમાંથી બહાર વહેતું પાણી બગીચામાં સિંચાઈ કરવા માટે વપરાતું હતું.
દરેક ઘરમાં એક નાનો શાકભાજીનો બગીચો હતો, જેમાં બીટ, ગાજર, સલગમ, મૂળા અને બીજા ઘણાં શાકભાજી ઉગાડવામાં આવતા હતા.
નજાનૂએ એક બગીચામાં કેટલીક છોકરીઓને શાકભાજી કાઢતાં જોઈ.
તેઓ પહેલાં સલગમ કે ગાજરની આસપાસની માટી ખોદીને દૂર કરતી. પછી તેના ઉપરના ભાગે દોરડું બાંધતી અને પૂરી તાકાતથી ખેંચતી.
જ્યારે સલગમ કે ગાજર મૂળ સહિત બહાર નીકળતું, ત્યારે તેઓ હસતાં,બૂમો પાડતાં તેને ઘેર ખેંચીને લઈ જતાં.
"તમારા નગરમાં મને માત્ર છોકરીઓ જ કેમ દેખાય છે? અહીં કોઈ છોકરા નથી?" નજાનૂએ પૂછ્યું.
"ના, અહીં હવે કોઈ છોકરા રહેતા નથી," કોર્નફ્લાવરે જવાબ આપ્યો. "બધા છોકરાઓ નદીના કિનારે રહેવા ચાલ્યા ગયા છે. ત્યાં તેમણે પોતાનું અલગ નગર વસાવ્યું છે, જેનું નામ 'પતંગ નગર' છે."



"એમણે એવું કેમ કર્યું?" નજાનૂએ પૂછ્યું.
"કારણ કે તેમને ત્યાં વધારે ગમે છે," કોર્નફ્લાવરે જવાબ આપ્યો. "ઉનાળામાં તેઓ આખો દિવસ તડકામાં પડ્યા રહે, નદીમાં તર્યા કરે અને શિયાળામાં બરફ પર સ્કેટિંગ કરે. વસંત ઋતુમાં જ્યારે નદીમાં પૂર આવે અને તેમનું નગર પાણીમાં ડૂબી જાય, ત્યારે તો તેમને ખૂબ જ મજા પડે છે."
"પણ તેમાં મજા શેની?" નજાનૂએ આશ્ચર્યથી પૂછ્યું.
"મને તો ખબર નથી," સ્નોડ્રોપ બોલી. "પણ અમારા છોકરા-માઇટ્સને એ બધું બહુ ગમે છે. તેઓ હોડીઓમાં ફરીને એકબીજાને બચાવે છે. તેમને સાહસ કરવાનું બહુ ગમે છે."
"મને પણ સાહસ ખૂબ ગમે છે," નજાનૂ બોલ્યો. "શું હું તમારા છોકરા-માઇટ્સને મળી શકું?"
"ના, એ શક્ય નથી," સ્નોડ્રોપે કહ્યું. "પહેલી વાત તો પતંગ નગર અહીંથી લગભગ એક કલાક દૂર છે. બીજી વાત, અમારા છોકરાઓ તને ખોટી આદતો શીખવશે. અને ત્રીજી વાત, અમે તેમની સાથે વાત પણ કરતા નથી."
"એમ કેમ?" નજાનૂએ પૂછ્યું.
"એનું એક સારું કારણ છે," કોર્નફ્લાવરે કહ્યું. "ગયા શિયાળામાં તેમણે અમને નવા વર્ષની ઉજવણીમાં બોલાવ્યાં. કહ્યું કે ત્યાં સંગીત હશે અને નૃત્ય પણ હશે. પરંતુ અમે ત્યાં પહોંચ્યા પછી તેમણે અમારી પર બરફના ગોળા ફેંકવાનું શરૂ કરી દીધું!"
"એમાં શું થયું?" નજાનૂ બોલ્યો.
"શું થયું એટલે?" કોર્નફ્લાવર બોલી. "એ દિવસ પછીથી અમે તેમની સાથે એક શબ્દ પણ બોલ્યા નથી. અમારામાંથી કોઈ પણ હવે તેમને મળવા જતું નથી."
"અને તેઓ તમને મળવા નથી આવતા?"
"ના," સ્નોડ્રોપ બોલી. "શરૂઆતમાં કેટલાક આવ્યા હતા, પરંતુ કોઈ પણ છોકરી તેમની સાથે રમવા તૈયાર નહોતી. અમે તેમની સંપૂર્ણ અવગણના કરી. પછી તો તેઓ તોફાન કરવા લાગ્યા."
"તેઓ બારીઓના કાચ તોડી નાખતાં અને વાડ પણ તોડી નાખતાં," સ્નોડ્રોપે ઉમેર્યું.

"પછી તેમણે નેઇલ્સ નામના એક તોફાની છોકરાને અમારા નગરમાં મોકલ્યો," કોર્નફ્લાવરે કહ્યું. "એણે તો હદ જ કરી દીધી!"
"હા, ખરેખર!" સ્નોડ્રોપ બોલી. "તે આવ્યો અને કહેવા લાગ્યો કે તેને પણ છોકરાઓ પસંદ નથી, કારણ કે તેઓ બહુ તોફાની છે. તેણે અમારી સાથે મિત્રતા કરવાની વાત કરી."
"અમે તેના પર વિશ્વાસ કરીને તેને અમારા નગરમાં રહેવાની પરવાનગી આપી. પણ જાણો તેણે શું કર્યું?"
"રાત્રે બારીમાંથી બહાર નીકળી ગયો અને એક ઘરના દરવાજા સામે લાંબો થાંભલો ટેકવી દીધો, જેથી સવારે કોઈ બહાર જ ન નીકળી શકે."
"બીજા એક ઘરના દરવાજા ઉપર લાકડાનો મોટો ટુકડો લટકાવી દીધો, જેથી દરવાજો ખોલનારના માથા પર તે પડી જાય."
"ત્રીજા ઘરના દરવાજા આગળ દોરી બાંધી દીધી, જેથી બહાર નીકળનાર ઠોકર ખાઈને પડી જાય."
"ચોથા ઘરની ચીમની ઉતારી નાખી અને પાંચમા ઘરની બારીઓના કાચ તોડી નાખ્યા..."



આ બધી વાતો સાંભળીને નજાનૂ તો હસતાં હસતાં લગભગ લોતપોત થઈ ગયો.

"તને આ બધું રમૂજી લાગે છે," કોર્નફ્લાવરે કહ્યું, "પણ તારે જોવું જોઈએ હતું કે કેટલીય છોકરીઓના નાક પર ગાંઠ પડી ગઈ હતી! એક છોકરી તો પોતાની ચીમની સુધારવા છત પર ચઢી હતી, પણ ત્યાંથી પડી ગઈ અને તેનો પગ તૂટી ગયો"

"હું છોકરીઓ પર હસતો નથી," નજાનૂએ કહ્યું. "હું તો એ નેઇલ્સ નામના તોફાની છોકરાની કરતૂતો પર હસું છું."





"તારે તેના પર હસવું ન જોઈએ," સ્નોડ્રોપ બોલી. "તેને એવી સજા મળવી જોઈએ કે પછી ક્યારેય આવું ખરાબ કામ કરવાની હિંમત ન કરે."
એટલામાં તેઓ સફરજનના એક મોટા ઝાડ પાસે પહોંચ્યા, જે રસ્તાની વચ્ચોવચ ઊગેલું હતું. તેની ડાળીઓ પાકેલા લાલ સફરજનોથી લચી રહી હતી.
ઝાડને અડેલી એક લાકડાની સીડી રાખેલી હતી, પણ તે થડના અડધા ભાગ સુધી જ પહોંચતી હતી. ઝાડની ઉપરની ડાળીઓ પરથી દોરડાની સીડીઓ લટકી રહી હતી.
બે છોકરી-માઇટ્સ ઝાડ પર ચઢેલી હતી. એક છોકરી સફરજનની ડાંડી કરવતથી કાપી રહી હતી, જ્યારે બીજી તેને મજબૂત રીતે પકડી રાખતી હતી, જેથી તે નીચે ન પડી જાય.



"જરા સાવધાન રહેજે," કોર્નફ્લાવરે નજાનૂને ચેતવ્યો. "કોઈ સફરજન તારા માથા પર પડશે તો તું મરી પણ જઈ શકે."
"હું નહીં મરું!" નજાનૂ ગર્વથી બોલ્યો. "મારું માથું તો બહુ મજબૂત છે!"
"છોકરાઓને લાગે છે કે તેઓ જ બહુ બહાદુર છે, પણ અમે છોકરીઓ પણ તેમનાથી જરાય ઓછી નથી," સ્નોડ્રોપ બોલી. "જરા જો તો, આ બંને છોકરીઓ કેટલા ઊંચે ચઢી છે!"
"પણ છોકરીઓ તો બલૂનમાં નથી ઊડતી કે મોટરકાર નથી ચલાવતી," નજાનૂએ કહ્યું.
"કેમ નહીં?" સ્નોડ્રોપ હસીને બોલી. "અમારી ઘણી છોકરીઓને મોટરકાર ચલાવતાં આવડે છે."
"શું? તમારી પાસે મોટરકાર પણ છે?"
"હા, છે. પણ અત્યારે તે બગડી ગઈ છે. અમને તેને કેવી રીતે ઠીક કરવી તે આવડતું નથી. શું તું અમારી મદદ કરીશ?"
"અરે, જરૂર કરીશ," નજાનૂ બોલ્યો. "મને મોટરકાર વિશે ઘણી ખબર છે. બેન્ડમ અને ટ્વિસ્ટમ હોસ્પિટલમાંથી પાછા આવે એટલે હું તેમની પાસે તમારી મોટરકાર ઠીક કરાવી દઈશ."
"અરે વાહ! તમારો ખૂબ આભાર!" સ્નોડ્રોપ ખુશ થઈને તાળીઓ પાડતાં બોલી.
એટલામાં નજાનૂની નજર એવી વસ્તુ પર પડી, જે તેણે પહેલાં ક્યારેય જોઈ નહોતી. રસ્તાની વચ્ચે વિશાળ લીલા ગોળા પડ્યા હતા. તેઓ એટલા મોટા હતા કે જાણે બે કે ત્રણ માળના મકાન જેટલા હોય.
"શું આ પણ બલૂન છે?" નજાનૂએ આશ્ચર્યથી પૂછ્યું.
સ્નોડ્રોપ અને કોર્નફ્લાવર હસી પડ્યાં.
"અરે નહીં! આ તો તરબૂચ છે," તેઓ બોલ્યાં. "શું તે પહેલાં ક્યારેય તરબૂચ જોયું નથી?"
"ના, ક્યારેય નહીં," નજાનૂએ સ્વીકાર્યું. "અમારા ત્યાં તરબૂચ ઊગતા નથી. પણ આનો ઉપયોગ શેના માટે થાય છે?"
"અરે, કેવો છોકરો! તેને એ પણ ખબર નથી કે તરબૂચ શા માટે હોય છે!" સ્નોડ્રોપ હસતાં બોલી. "હવે થોડી વારમાં તું કદાચ પૂછીશ કે સફરજન અને નાસપતી શા માટે હોય છે!"





"શું? એટલે તમે આ તરબૂચ ખાઓ છો?" નજાનૂએ આશ્ચર્યથી પૂછ્યું. "આટલા મોટા તરબૂચને તો ખાવામાં આખું એક વર્ષ લાગી જાય!"
"ના, અમે તેને ખાતા નથી," કોર્નફ્લાવરે હસીને કહ્યું. "અમે તેમાંથી રસ કાઢીએ છીએ. તેનો રસ શીરા જેવો મીઠો હોય છે. તરબૂચના નીચેના ભાગમાં એક કાણું પાડો, તો એક જ તરબૂચમાંથી ઘણી બધી પીપો ભરાય એટલો રસ નીકળી આવે."
"આટલાં મોટા તરબૂચ ઉગાડવાનો વિચાર કોને આવ્યો?" નજાનૂએ પૂછ્યું.
"થિસલ નામની એક બહુ હોશિયાર છોકરીને," કોર્નફ્લાવરે જવાબ આપ્યો. "તેને ફળ અને શાકભાજી ઉગાડવાનો તથા તેની નવી જાતો તૈયાર કરવાનો ખૂબ શોખ હતો."
"પહેલાં અમારા અહીં તરબૂચ નહોતાં. એક દિવસ કોઈએ કહ્યું કે જંગલમાં જંગલી તરબૂચ ઊગે છે. એ વર્ષે શરદ ઋતુમાં થિસલના નેતૃત્વમાં એક ટોળકી જંગલમાં ગઈ અને ઘણું શોધ્યા પછી તેમને જંગલી તરબૂચ મળી ગયા."
"તેઓ તેમાંથી બીજ લઈને આવ્યા. પછી આવતા વસંત ઋતુમાં થિસલે એ બીજ વાવ્યાં."

"તેમાંથી ઊગેલા તરબૂચ ઘણાં મોટા હતાં, પણ તેમનો રસ ખૂબ ખાટો હતો."
"થિસલે દિવસ-રાત મહેનત કરી. જ્યાં સુધી તેને ઓછા ખાટા રસવાળું તરબૂચ ના મળ્યું ત્યાં સુધી તેણે એક પછી એક બધા તરબૂચનો રસ ચાખ્યો"આવતા વર્ષે તેણે એ જ તરબૂચના બીજ વાવ્યાં. નવા તરબૂચનો રસ પહેલાં કરતાં વધુ મીઠો હતો. પછી તેણે સૌથી મીઠું તરબૂચ પસંદ કર્યું અને તેના બીજ વાવ્યાં."
"તે આમ દર વર્ષે કરતી રહી. આખરે તેણે એવા તરબૂચ ઉગાડ્યાં, જે મધ જેટલા મીઠા હતા."
"પણ લોકો તેને શા માટે ઠપકો આપતા હતા?" નજાનૂએ પૂછ્યું.
"કારણ કે શરૂઆતમાં કોઈને વિશ્વાસ જ નહોતો કે આ તરબૂચથી કોઈ ફાયદો થશે," કોર્નફ્લાવરે કહ્યું. "અને બીજું, આખું નગર તરબૂચોથી ભરાઈ ગયું હતું. રસ્તા પર ચાલવાની પણ જગ્યા રહેતી નહોતી."
"ઘણી વાર તો તરબૂચ ઘરની બાજુમાં જ ઊગી જતાં. શરૂઆતમાં તો કોઈ વાંધો નહોતો, પણ જેમ જેમ તે મોટા થતા ગયા, તેમ તેમ ઘરની દીવાલોને ધક્કો મારવા લાગ્યા."
"એક તો એવું પણ થયું કે એક વિશાળ તરબૂચના કારણે એક ઘર ખરેખર તૂટી પડ્યું."
"એટલે અમારી કેટલીક છોકરીઓ કહેતી હતી કે હવે તરબૂચ વાવવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. પરંતુ બીજી ઘણી છોકરીઓ થિસલના પક્ષમાં હતી અને તેની મદદ કરતી હતી."
આમ વાતો કરતાં કરતાં તેઓ નદીના કિનારે પહોંચી ગયા.
"આનું નામ 'તરબૂચ નદી' છે," સ્નોડ્રોપે કહ્યું. "જો, કિનારે કેટલાં બધાં તરબૂચ ઊગ્યાં છે!"
નદીના એક કિનારેથી બીજા કિનારા સુધી એક સાંકડો પુલ બનાવેલો હતો. તે દૂરથી જોતાં જાણે લાંબા ગાલીચા જેવો લાગતો હતો. તે ખૂબ જ જાડા અને મજબૂત કાપડમાંથી બનાવવામાં આવ્યો હતો.
"આ પુલ અમે બનાવ્યો છે," કોર્નફ્લાવરે ગર્વથી કહ્યું. "આ કાપડ વણવામાં અમને આખો એક મહિનો લાગ્યો. પછી છોકરાઓએ તેને નદીની બંને બાજુ મજબૂતીથી બાંધી આપ્યો."

"એ વખતે તો ખૂબ જ મજા આવી હતી!" સ્નોડ્રોપ બોલી. "છોકરાઓમાંથી એક તો નદીમાં પડી ગયો હતો અને લગભગ ડૂબી જ ગયો હતો. પરંતુ કોઈએ સમયસર તેને બહાર ખેંચી લીધો."
કોર્નફ્લાવર કોઈપણ ડર વગર હિંમતથી પુલ પર ચઢી અને સામા કિનારે પહોંચી ગઈ.
નજાનૂ પણ એટલી જ હિંમતથી પુલ પર ચઢ્યો, પરંતુ પુલ હલવા લાગ્યો ત્યારે તે અચાનક અટકી ગયો.
"શું થયું? અટકી કેમ ગયો?" સ્નોડ્રોપે પૂછ્યું. "શું તને ડર લાગે છે?"
"જરાય નહીં!" નજાનૂ બોલ્યો. "હું તો બસ એ વિચારી રહ્યો હતો કે આ પુલ કેટલો વિચિત્ર છે!"
એમ કહી તેણે નીચે નમીને પુલની બંને બાજુ મજબૂતીથી પકડી લીધી અને હસવા લાગ્યો, જેથી બધાને લાગે કે તેને બિલકુલ ડર લાગતો નથી.



સ્નોડ્રોપે નજાનૂનો એક હાથ પકડી લીધો અને કોર્નફ્લાવરે બીજો હાથ પકડી લીધો.
પછી બંનેએ મળીને તેને ધીમે ધીમે પુલ પાર કરાવ્યો.
બંને સમજી ગઈ હતી કે નજાનૂને ખરેખર ડર લાગી રહ્યો હતો, પરંતુ તેઓ તેના પર હસ્યાં નહીં. કારણ કે તેઓ જાણતાં હતાં કે છોકરા-માઇટ્સને પોતાની મજાક ઉડાડે તે બિલકુલ ગમતું નથી.
નદીનો પુલ પાર કરીને તેઓ આગળ ગલીમાં ચાલતા રહ્યા.
થોડી વારમાં તેઓ લીલા છાપરાવાળા એક સફેદ મકાન પાસે પહોંચ્યા.
"આ અમારી હોસ્પિટલ છે," કોર્નફ્લાવરે કહ્યું.



Н. Носов

FlVTlilllkC"f BITE HO FOPO,QY

На языке бенгали

Nikolai Notes

A WALK ABOUT TOWN

In Bengali

শিশুদের জন্য





30 к.

